NAVSARI AGRICULTURAL UNIVERSITY

# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**એરૂ ચાર રસ્તા, નવસારી-૩૯૬ ૪૫૦**

**ખાસ અગત્યનું**

## પરિપત્ર

**પેટ્રોલ-ડીઝલ બચત, ઊર્જા સંરક્ષણ, પ્રવાસ વ્યવસ્થાપન તથા ઇ-ગવર્નન્સને અનુલક્ષીને સબ સેન્ટર/સબ કેમ્પસની કચેરીઓ દ્વારા સરકારી પ્રવાસ, ટૂર કાર્યક્રમો અને વાહન વ્યવહાર અંગે કરકસરપૂર્ણ અમલવારી કરવા બાબત...**

આથી સંબંધિત સર્વેને જણાવવાનું કે, રાજ્ય સરકારશ્રી દ્વારા પેટ્રોલ, ડીઝલ, ઊર્જા બચત તથા સરકારી ખર્ચમાં કરકસર બાબતે પ્રસિદ્ધ કરાયેલ વિવિધ સૂચનાઓ તેમજ પર્યાવરણ સંરક્ષણ અને ઇ-ગવર્નન્સને પ્રોત્સાહન આપવાના હેતુસર નીચે મુજબની માર્ગદર્શિકા અમલમાં મુકવામાં આવે છે.

વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી હેઠળ કાર્યરત તમામ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો (સુરત, નવસારી, વ્યારા, ડાંગ, ડેડીયાપાડા) તેમજ સરદાર સ્મૃતિ કેન્દ્ર, ATIC, બેકરીશાળા અને દાદાભાઈ નૌરોજી એજ્યુકેશનલ મ્યુઝિયમ સહિતના તમામ એકમો દ્વારા સરકારી કામગીરી માટે કરવામાં આવતા પ્રવાસો, બેઠકો, તાલીમ કાર્યક્રમો તથા કચેરી મુલાકાતોમાં શક્ય તેટલી કરકસર તેમજ સંકલિત આયોજન કરવાનું રહેશે.

**હાલની પરિસ્થિતિને અનુલક્ષીને નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે:**

- શક્ય હોય ત્યાં સુધી બેઠકો ઓનલાઈન વિડીયો કોન્ફરન્સના માધ્યમ દ્વારા, ઇ-મેલ તથા ડિજિટલ માધ્યમનો ઉપયોગ કરી ભૌતિક ઉપસ્થિતિ ટાળવાની રહેશે.
- સરકારી પ્રવાસ માટે શક્ય તેટલો જાહેર પરિવહન (Public Transport) નો ઉપયોગ કરવાનો રહેશે.
- એક જ વિસ્તારના જિલ્લામાં એકથી વધુ અધિકારી/કર્મચારીની મુલાકાત જરૂરી હોય તો વાહન પૂલિંગ/શેરિંગ પદ્ધતિ અપનાવવાની રહેશે તેમજ પ્રવાસ કાર્યક્રમોનું આયોજન કરી એક જ પ્રવાસમાં વધુમાં વધુ કામગીરી પૂર્ણ કરવાની રહેશે જેથી અનાવશ્યક આવન-જાવન ટાળી શકાય.

- કચેરીઓમાં વીજળી બચત માટે જરૂરી ન હોય ત્યારે લાઇટ, પંખા, AC, કમ્પ્યુટર વગેરે બંધ રાખવાના રહેશે.
- સરકારી વાહનોનો ઉપયોગ ફક્ત અધિકૃત અને આવશ્યક કામગીરી માટે જ કરવાનો રહેશે તેમજ પ્રવાસ દરમ્યાન ટૂંકો પ્રવાસ માર્ગ પસંદ કરવાનો રહેશે.
- તમામ એકમોએ ઊર્જા બચત અને પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા કર્મચારીઓને પ્રોત્સાહિત કરવાના રહેશે.

**ઉપરોક્ત કાર્યપદ્ધતિ અમલમાં મુકવાથી નીચે મુજબના લાભો પ્રાપ્ત થશે:**

- પેટ્રોલ-ડીઝલ તથા ઊર્જા બચતમાં નોંધપાત્ર વધારો થશે.
- સરકારી ખર્ચમાં કરકસર અને કાર્યક્ષમતા વધશે.
- ઇ-ગવર્નન્સને પ્રોત્સાહન મળશે તથા કામગીરીમાં ઝડપ અને પારદર્શિતા આવશે.
- અનાવશ્યક પ્રવાસમાં ઘટાડો થવાથી સમય અને માનવશક્તિની બચત થશે.
- પર્યાવરણ સંરક્ષણ અને ગ્રીન કેમ્પસના ધ્યેયને બળ મળશે.

ઉપરોક્ત સૂચનાઓનું કડક રીતે પાલન કરવા તમામ સંબંધિત અધિકારીઓને સૂચિત કરવામાં આવે છે.

22.5.26

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં.નકૃયુ/વિશિનિ/ટી-3/૧૦૭૮/૨૦૨૬
નવસારી તા.૨૨/૦૫/૨૦૨૬

**નકલ સવિનય રવાના:**

(૧) યુનિવર્સિટીના માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારુ.
(૨) યુનિવર્સિટીના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો તેમજ યુનિટ/સબ યુનિટના વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારુ.